તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ પ્ર/

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ 15/4/41

વિષયઃ

સંસદસભ્યશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓના પત્રો અંગે કરવાની કાર્યવાહી બાબત

| સૂચના મળ્યાની તારીખઃ | વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
| --- | --- | --- |
| 04/01/2024 | તારીખ 29/01/2024 | 12/01/2024 |

*15/4/41 શ્રી અમિત ચાવડા(આંકલાવ)

સામાન્ય વહિવટ જણાવવા કૃપા કરશે કેઃ-

માનનીય **મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ)**જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ માનનીય સંસદસભ્યશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓના પત્રોના અંગે કરવાની કાર્યવાહી બાબતે સૂચનાઓ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ક્યારે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સૂચનાઓ મુજબ માનનીય સંસદસભ્યશ્રી/ધારાસભ્યશ્રીઓના પત્રો અંગે વચગાળાનો અને આખરી અહેવાલ કેટલા સમયમાં મોકલવાની જોગવાઈ કરવામાં આવી છે,

(૩) ઉક્ત સ્થિતિએ સામાન્ય વહીવટ વિભાગને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સંસદસભ્ય અને ધારાસભ્યોના કેટલા પત્રો મળ્યા, અને

(૪) ઉક્ત મળેલ પત્રો પૈકી કેટલા પત્રોમાં વિભાગ દ્વારા ઉક્ત સ્થિતિએ વચગાળાનો અને કેટલા પત્રોમાં આખરી જવાબ મોકલવામાં આવ્યો?

----